# આઈ.ટી.બી.પી. અધિકારી

ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ દળ એ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળની એક પાંખ છે. આ દળ ખૂબ ઊંચાઈ પર આવેલી સીમાઓનું રક્ષણ કરતું વિશેષ દળ છે. એક આઈ.ટી.બી.પી. અધિકારીની કામગીરીમાં ખુબ જ ઊંચાઈ પર આવેલી સીમાઓનું રક્ષણ, આતંકવાદી હુમલાઓને નિષ્ક્રિય કરવા, વિશેષ વ્યક્તિઓની સુરક્ષા, આફત સમયે રાહત કાર્ય, પર્વતારોહણ, મેડિકલ કેમ્પસ વગેરે અંગેની કામગીરીનો સમાવેશ થાય છે.

## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે દેશની સેવા કરવા અને શૌર્ય પ્રદર્શિત કરવા માટે ઉત્સુક છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૧૦,૪૬,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in**ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત) ઇચ્છનિય છે.

૨. કોઈપણ એન્જિનિયરિંગ કોર્સમાં સ્નાતકની ડિગ્રી / વિજ્ઞાન સ્નાતક ડિગ્રી (B.Tech/BE/B.Sc.) પૂર્ણ કરો.

૩. સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ તમારે આઈ.ટી.બી.પી.ના ભરતી કાર્યક્રમમાં ત્રણ તબક્કાઓ પાસ થવું આવશ્યક છે.

૧. UPSC CAPF લેખિત પરીક્ષા

૨. શારીરિક ક્ષમતા કસોટી (PET) અને મેડિકલ ટેસ્ટ

૩. વ્યક્તિત્વ કસોટી / ઈન્ટરવ્યુ

એન્જિનિયરિંગ કોર્સમાં પ્રવેશ માટેની પરીક્ષાઓ જેવીકે JEE એડવાન્સ્ડ, JEE મેઈન, MET, VITE EE, MHT CET, SRM JEE, COM EDK., UGET, KCET વગેરે પાસ કરી એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી (B.Tech/BE/B.Sc.) પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક આઈ.ટી.બી.પી. અધિકારીનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૧,૭૭,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોતઃ https://www.gradepaysalary.in/2022/05/ itbp-salary-pay-scale-of -constable-asi-all-posts.html

NCS Code: NA, CCode: DF006

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે આઈ.ટી.બી.પી.માં રોજગાર મેળવી શકો છો અને ૧૫ સેક્ટર અને ૦૫ ફ્રન્ટિયર્સ સાથેની ૬૦ બટાલિયનના દળનો ભાગ બની શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ અમલમાં છે. તમારી પાસેથી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. મોટા ભાગે બહારની કામગીરી કરવાની રહે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ કમાન્ડન્ટ → ડેપ્યુટી કમાન્ડન્ટ → કમાન્ડન્ટ → ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડી.આઈ.જી.) ઈન્સ્પેક્ટર જનરલ (આઈ.જી.) → એડિશનલ ડાયરેક્ટર જનરલ (એ.ડી.જી.) → સ્પેશિયલ ડિરેક્ટર જનરલ ડિરેક્ટર જનરલ (ડી.જી.)

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બોર્ડર પોલીસ, હાઈ-એલ્ટિટ્યુડ પોલીસ, ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ ઓફિસર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સંરક્ષણ સંસ્થાઓ**

૧. આઈ.ટી.બી.પી. એકેડમી, મસૂરી, ઉત્તરાખંડ
૨. આઈ.ટી.બી.પી. બેઝિક ટ્રેનિંગ સેન્ટર, ભાનુ, પંચકુલા, હરિયાણા
૩. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રેનિંગ ઈન સર્ચ, રેસ્ક્યુ અને ડિઝાસ્ટર રિસ્પોન્સ (NITSR DR), પંચકુલા, હરિયાણા

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ




## સાફલ્ય ગાથા

**પ્રકૃતિ**- વર્ષ ૨૦૧૬માં સરકારે આઈ.ટી.બી.પી.માં મહિલા અધિકારીઓને મંજૂરી આપ્યા પછી, પ્રકૃતિએ તે જ વર્ષે અને તેના પ્રથમ પ્રયાસમાં સી.એ.પી.એફ.માં અધિકારીઓની ભરતી માટેની યુ.પી.એસ.સી. પરીક્ષા પાસ કરી. દહેરાદૂન ખાતે પોતાની તાલીમ પૂરી કર્યા બાદ આવતા વર્ષે તેમને આસિસ્ટન્ટ કમાન્ડન્ટ (એ.સી.) તરીકેની નિયુક્ત કરવામાં આવશે તેવી અપેક્ષા છે.*

સ્રોત: ndtv.com/india-news/in-a-first-itbp-inducts-two-women-officers-in-combat-2505635

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.